# Day to Day Current Affairs
## September – 2015

❖ ૩ સપ્ટેમ્બર, ૨૦૧૫ (ગુરુવાર)

### 1) 'અમારી નજરે નરેન્દ્રભાઈ' :– પુસ્તક

- તાજેતરમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે 'અમારી નજરે નરેન્દ્રભાઈ' નામના કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.
- આ પુસ્તકમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગવા વ્યકિતત્વ અને તેમની કાર્ય કરવાની પધ્ધતિ ઉપર લોકોના અભિપ્રાયો એકઠા કરાયા હતા.
- આ પુસ્તકને લેખક દિનેશભાઈ દેસાઈ દ્વારા સંકલિત કરાયું છે.
- રાજકોટના કામનાથ મુદ્રણાલય દ્વારા આ પુસ્તકનું પ્રકાશન કરાયું છે.

### 2) ભારત – પાકિસ્તાનના વર્ષ – ૧૯૬૫ ના યુદ્ધ પર રૂા. ૫નો નવો સિકકો બહાર પડશે :–

- ભારત અને પાકિસ્તાન યુદ્ધના ગોલ્ડન જયુબિલી વર્ષના પ્રસંગે ભારતીય રીઝર્વ બેંક ૫ રૂપિયાના નવા સિકકા જારી કરશે.
- આ સિકકામાં એક બાજુએ અશોક ચિહ્ન અને તેની નીચે 'સત્યમેવ જયતે' અંકિત હશે તથા ડાબી બાજુએ દેવનાગરી લિપિમાં 'ભારત' અને જમણી બાજુએ રોમનમાં 'ઈન્ડિયા' અંકિત રહેશે.
- સિકકાની બીજી બાજુએ 'અમર જવાન' ચિહ્ન હશે, જેના પર ઓલિવ પાંદડા અંકિત હશે.

### 3) 'પ્યાસા' ફિલ્મ :–

- વર્ષ – ૧૯૫૭ની ભારતીય કલાસિક ફિલ્મ 'પ્યાસા' સપ્ટેમ્બર – ૨૦૧૫ માં આગામી વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવાશે.
- ગુરુદત્ત, વહિદા રહેમાન અને માલાસિંહ અભિનિત આ ફિલ્મ ભારતીય કંપની દ્વારા પુનરૂદ્ધાર કરાયેલી એકમાત્ર ભારતીય ફિલ્મ છે.
- ભારતીય કંપની અલ્ટ્રા મિડિયા દ્વારા આ ફિલ્મનું પુનરૂદ્ધાર કરવામાં આવ્યું છે.

Vivekanand Academy, Gandhinagar